# ગુજરાતી સાહિત્ય પરિષદનું ૪૮મું અધિવેશન

ગુજરાત સાહિત્ય પરિષદનું ૪૮મું અધિવેશન ઇન્સ્ટિટ્યૂટ ઑફ યુથ ડેવલપમેન્ટ અને શ્રી મુક્તજીવન સ્વામિબાપા આર્ટ્સ-કૉમર્સ અને બી.સી.એ. કૉલેજના સંયુક્ત યજમાનપદે ભુજ મુકામે તારીખ ૨૫, ૨૬, ૨૭ ડિસેમ્બર-૨૦૧૫ના ત્રણ દિવસ યોજાશે.

**: અધિવેશન સ્થળ :**

શ્રી મુક્તજીવન સ્વામિબાપા આર્ટ્સ-કૉમર્સ કૉલેજ હૉલ,
કચ્છ યુનિવર્સિટી સામે, મુન્દ્રા રોડ, ભુજ (કચ્છ)

**: ઉદ્‌ઘાટન સમારંભ :**

તા.૨૫-૧૨-૨૦૧૫, શુક્રવાર, બપોરે ૩.૦૦થી ૬.૦૦

તા. ૨૫-૧૨-૨૦૧૫, શુક્રવાર, સાંજે ૮.૦૦થી ૧૦.૦૦
યજમાન સંસ્થા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ
૨૬-૧૨-૨૦૧૫, શનિવાર, સવારે ૮.૦૦થી ૯.૩૦
ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિ અને
કાર્યવાહક સમિતિની સંયુક્ત બેઠક

**બેઠક પ્રથમ :** તા. ૨૬-૧૨-૨૦૧૫, શનિવાર, સવારે ૯.૩૦થી ૧૨.૩૦

**ચરિત્રાત્મક સાહિત્ય**

વિભાગીય અધ્યક્ષ : શ્રી પ્રફુલ્લ રાવલ
વક્તા : શ્રી યોગેશ જોષી, શ્રી મુનિકુમાર પંડ્યા, શ્રી સંધ્યા ભટ્ટ
સંચાલન : શ્રી ઉષા ઉપાધ્યાય

બેઠક બીજી : તા. ૨૬-૧૨-૧૫ શનિવાર, બપોરે ૩.૦૦થી ૬.૦૦

**વિવેચન-સંશોધન**

વિભાગીય અધ્યક્ષ : શ્રી અનિલા દલાલ
વક્તાઓ : શ્રી સેજલ શાહ, શ્રી નીતા ભગત, શ્રી દીપક રાવલ
સંચાલન : શ્રી કીર્તિદા શાહ

બેઠક ત્રીજી : તા. ૨૬-૧૨-૧૫, શનિવાર, રાત્રે ૮.૩૦થી ૧૦.૩૦
આસ્વાદ : કચ્છના પરિવેશની કૃતિઓનું વાચિકમ્
વિભાગીય અધ્યક્ષ : શ્રી વીનેશ અંતાણી
વાચિકમ્ : શ્રી અદિતિ દેસાઈ અને અન્ય
સંચાલન : શ્રી નીતિન વડગામા

**બેઠક ચોથી :** તા. ૨૭-૧૨-૧૫, રવિવાર, સવારે ૮.૦૦થી ૯.૩૦
ગુજરાતી ભાષાનું સંવર્ધન અને શિક્ષણ
વિભાગીય અધ્યક્ષ : શ્રી મનસુખ સલ્લા

વક્તાઓ : શ્રી ભદ્રાયુ વછરાજાની, શ્રી પી. જી. પટેલ
સંચાલન : શ્રી રાજેન્દ્ર પટેલ

**બેઠક પાંચમી :** તા. ૨૭-૧૨-૧૫, રવિવાર, સવારે ૯.૩૦થી ૧૧.૩૦

**પ્રદેશવિશેષ અને સાહિત્ય : કચ્છ**

વિભાગીય અધ્યક્ષ : શ્રી ધીરેન્દ્ર મહેતા
વક્તાઓ : શ્રી કીર્તિ ખત્રી, શ્રી દર્શના ધોળકિયા,
શ્રી કાંતિ માંલસતર, શ્રી વિશન નાગડા
સંચાલન : શ્રી જનક નાયક

**બેઠક છઠ્ઠી :** તા. ૨૭-૧૨-૧૫, રવિવાર, બપોરે ૧૧.૩૦થી...

**અધિવેશન સમાપન બેઠક**

– ગુજરાતી સાહિત્ય પરિષદનું ખુલ્લું અધિવેશન અને સમાપન બેઠક
– ઠરાવો : પ્રતિભાવો અને આભારવિધિ
– આભારદર્શન (પરિષદ અને યજમાન સંસ્થા)
– બપોરના ભોજન પછી અધિવેશનની સમાપ્તિ થશે.

**નોંધ :** અધિવેશનમાં ભાગ લેવા ઇચ્છતા પ્રતિનિધિઓએ ભોજન-ઉતારા શુલ્ક **રૂ. ૩૦૦/-** તથા પ્રતિનિધિ શુલ્ક **રૂ. ૨૦૦/-** ભરવાના રહેશે. કુલ **રૂ. ૫૦૦/-** થશે. વિદ્યાર્થીઓએ ૫૦ ટકા રકમ ભરવાની રહેશે. (કાર્યક્રમનો અહેવાલ રજૂ કરનાર વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવશે) ભોજન-ઉતારા અને પ્રતિનિધિ શુલ્ક તા. ૧૫-૧૨-૨૦૧૫ સુધીમાં પરિષદ કાર્યાલય, અમદાવાદમાં ભરી દેવાથી વ્યવસ્થા સરળ થશે. ત્યારબાદ સ્વીકારવામાં આવશે નહીં.

વ્યવસ્થામાં સહાયભૂત થવા ઉપરની તારીખ સુધીમાં આપની ડેલિગેટ ફી ભરાઈ જાય તે ઇચ્છનીય છે. ત્યારબાદ સ્થળ પર ભરનારે દોઢો ચાર્જ ચૂકવવાનો રહેશે.

□

## ગુજરાતી સાહિત્ય પરિષદ અધિવેશન બાબત

આદરણીયશ્રી,

વંદન.

ગુજરાતી સાહિત્ય પરિષદ દર બે વર્ષે ગુજરાતમાં વિવિધ સ્થળે અધિવેશન યોજે છે. આ અધિવેશન ખૂબ જ સાહિત્યિક અને સાંસ્કૃતિક વાતાવરણ સર્જે છે અને જે તે વિસ્તારના સાહિત્યપ્રેમીઓ તથા સર્જકોને પ્રેરણા આપે છે.

૨૦૧૫ના ડિસેમ્બરમાં આ પરિષદનું અધિવેશન ભુજમાં યોજાય તેના પ્રયાસો ઉપરોક્ત બંને સંસ્થાઓએ કર્યા અને સદ્ભાગ્યે પરિષદે તેને લીલી ઝંડી આપી છે. એટલે તા. ૨૫-૨૬-૨૭ ડિસે. ૨૦૧૫ના ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન ભુજ ખાતે યોજાશે.

આ પરિષદમાં આશરે ૯૦૦થી ૧૦૦૦ સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓ કચ્છ

તથા સમગ્ર ગુજરાતમાંથી હાજર રહેશે તેવી ધારણા છે. તેમનાં નિવાસ તથા ભોજન વગેરેની વ્યવસ્થા કરવાની રહેશે. તે તથા અન્ય ખર્ચ વિશે આયોજન કરતાં આશરે ૨૦ લાખનો ખર્ચ અંદાજિત કરવામાં આવ્યો છે. આ ખર્ચ મહાજનો તથા સાહિત્યપ્રેમીઓ અને નાગરિકોની સહાયથી એકઠો કરવાનું વિચાર્યું છે. આ બાબતને ઉષ્માભેર સહકાર મળશે તેવી આશા છે.

આ માટે આ રીતે દાન સ્વીકારવાનું નક્કી કર્યું છે :

| | |
|---|---|
| **સુવેનીયર પેજ શુભેચ્છક તરીકે (નીચે સ્ટ્રીપ)** | **રૂ. ૨૦૦૦/-** |
| **સુવેનીયરમાં મલ્ટીકલરપેજ જાહેરાત** | **રૂ. ૨૫,૦૦૦/-** |
| **સુવેનીયરમાં મલ્ટીકલર કવરપેજ-૨** | **રૂ. ૭૫,૦૦૦/-** |
| **સુવેનીયરમાં મલ્ટીકલર કવરપેજ-૩** | **રૂ. ૭૫,૦૦૦/-** |
| **સુવેનીયરમાં મલ્ટીકલર કવરપેજ-૪** | **રૂ. ૧,૨૫,૦૦૦/-** |

શુભેચ્છક સભ્ય તરીકે રૂ. ૫૦૦૦/- કે તેથી વધુ રકમ નોંધાવીને સહયોગ સ્વીકારાશે.

ભોજનદાતા તરીકે રૂ. ૧ લાખ નોંધાવી શકાશે. આખા દિવસના ભોજનદાતા તરીકે રૂ. ૩ લાખ નોંધાવી શકાશે.

સ્વાગત સભ્ય તરીકે રૂ. ૧ લાખ કે તેથી વધુનો સહયોગ આવકાર્ય છે.

પરિષદના સભ્યો માટે કીટના દાતા તરીકે રૂ. ૩ લાખ નોંધાવી શકાશે.

આમાંથી કોઈ પણ વિભાગમાં આપનું દાન આવકાર્ય રહેશે. ૮૦-જીનું પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયા ચાલુ છે.

આપને અમારી વિનંતી છે કે આ સાહિત્ય યજ્ઞમાં આપ પણ સક્રિય સહયોગ બનો અને કચ્છની જનતાને જે એક અનન્ય લાભ મળી રહ્યો છે તેને પ્રોત્સાહન આપો.

આ માટે શ્રી રસનિધિ એ. અંતાણી (મોબાઈલ નં. ૯૮૨૫૭૩૦૩૧૫)નો સંપર્ક કરવા અને મદદરૂપ થવા વિનંતી છે.